નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/ ૧૫
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા.૧૮/૦૫/૨૦૧૮

## // સુધારા પરિપત્ર //

**વિષય:– નિગમના સત્તા સોંપણી અંગેના પરિપત્ર તારીખ:૦૨.૧૨.૨૦૧૪ અન્વયે.**

સંદર્ભ:– (૧) નિગમના પરિપત્ર બારકોડ નંબર:એલ૦૯૦૦૩૭૨૦૨૨૧,તારીખ:૦૨.૧૨.૨૦૧૪
(૨) નિગમના પરિપત્ર બારકોડ નંબર:એલ૦૯૦૦૩૬૨૬૧૬૧,તારીખ:૦૯.૧૦.૨૦૧૭
(૩) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ વિતરણ/ પોલીસી/ ૧૪, તારીખ:૦૫.૦૫.૨૦૧૮

નિગમ ધ્વારા જારી કરવામાં આવેલ ઉકત સંદર્ભિત પરિપત્ર – (૩) રદ ગણી હવે નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

નિગમ ધ્વારા તારીખ:૦૨/૧૨/૨૦૧૪ થી સત્તાની સોંપણી અંગેનો પરિપત્ર જારી કરવામાં આવેલ છે. જેમાં જરૂરી જણાતાં વખતોવખત સુધારાઓ અમલમાં મુકવામાં આવેલ છે. સંદર્ભિત પત્ર–૨ થી કામચલાઉ શરતી તબદીલી હુકમ પુનઃ જીવીત કરવાના કિસ્સોમાં સત્તા બાબતે ગાઈડલાઈન જારી કરવામાં આવેલ છે. જેમાં જે કિસ્સાઓમાં **વિતરણ દર**માં ફેરફાર થવાથી નાણાંકીય અસર થતી હોય તેવા કિસ્સામાં તબદીલી હુકમ તેની મૂળ શરતો પ્રમાણે પુનઃ જીવીત કરવાની સત્તા માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવેલ છે. જેમાં સુધારો કરી કામચલાઉ શરતી તબદીલી હુકમ જારી થયાના એક વર્ષની સમયમર્યાદામાં તેની મૂળ શરતો પ્રમાણે કામચલાઉ શરતી તબદીલી હુકમ પુનઃ જીવીત કરવાની તમામ સત્તા વિભાગીય પ્રબંધકશ્રીને સોંપવામાં આવે છે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (વિતરણ) ને પાઠવવી.

– સહી –

**કાર્યપાલક નિયામક (પોસ્ટ વિતરણ)**

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાના:–**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.શ્રી ગ્રેડ–૧(એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર.. નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

**કાર્યપાલક નિયામક (ઈએન્ડએ)**